બનાસકાંઠા ચેક પોસ્ટ પરથી પસાર થયેલ દારૂ ભરેલી ટ્રક સિદ્ધપુર પોલીસે ઝડપી

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાની ચેક પોસ્ટો પડોશી રાજસ્થાનથી જોડાયેલી છે. ગુજરાતમાં પરપ્રાંતમાંથી પ્રવેશ કરવા માટે બનાસકાંઠા ચેક પોસ્ટ પરથી પસાર થવું પડે છે. ચેક પોસ્ટોમાં છીંડા હોય અથવા પોલીસની નિષ્ક્રિયતા કે ભાગ બટાઈના કારણે જ વિદેશી દારૂના જથ્થા ભરેલી ટ્રકો ગૌવંસથી ભરેલી ગુજરાતમાં પ્રવેશ કરે છે.

ગુજરાતમાં પ્રવેશ કરવા માટે બનાસકાંઠાની આર.ટી.ઓ. તથા ગુજરાત પોલીસની ચેકપોસ્ટોમાં થઈને પસાર થવું પડે છે. ગતરોજ બનાસકાંઠાની આ બોકરો પરથી પસાર થયેલી રાજસ્થાન તરફથી આવતી ટ્રકની પાટણ જિલ્લાના ઈન્ચાર્જ એસ.પી. એમ.સી. પટેલની સુચનાથી પાટણ જિલ્લાની એલ.સી.બી. પોલીસે તથા સિદ્ધપુર પોલીસે મળીને બાતમીના આધારે પાલનપુર તરફથી આવતી તમામ ટ્રકોની ચેકીંગ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ટ્રક નં. આર.એચ.૫૫-જે-૩૭૫૪ ને થોભાવતા અને શંકાસ્પદ જણાતા તેની તલાસી લેતા અને ટ્રકની આર.સી. બુક તપાસતા બુકમાં લખેલ નંબર અને ટ્રકની નંબર પ્લેટ પર લખેલ નંબર અલગ જણાઈ આવતા ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂ ભરેલ મળી આવતા ટ્રકના ચાલક રાજુ સાધુરામ ચાવલા પ્રજાપતિ અને ટ્રકનો ક્લીનર્સ કાકુ બધી મીણા બન્ને રહે. બાબઈ ઈન્દરગઢ, જિલ્લો બુદી હોવાનું જણાવેલ હતુ. જ્યારે ટ્રકમાંથી વિદેશી દારૂ ૯૯૬૦ બોટલ બિયરની મળી કુલ ૧૦,૧૭૩, કુલ ૧૦૩૦ પેટી જેમાં કુલ ૨૦,૧૩૬ બોટલ હતી. જેની કિંમત ૪૪,૩૫,૨૦૦ તેમજ બે મોબાઈલ કિંમત ૧૦૦૦ અને ટ્રકની કિંમત ૧૫,૦૦,૦૦૦ મળી કુલ ૫૯,૩૬,૨૦૦ના મુદ્દામાલ સાથે બે ની અટકાયત કરી હતી. આમ આ મહિનામાં બે વકત બનાસકાંઠાના માર્ગો પરથી તથા આગળ પાટણ જિલ્લાના માર્ગો પરથી વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ આવેલ ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં વર્ષો જૂનો વડ આવેલો છે. જે પુજનીય છે. તેને વિકાસ કામને લઈને વડનું છેદન કરવામાં આવનાર છે. જેથી ગામના અગ્રણીઓ અને વૃક્ષ પ્રેમીઓની લાગણી દુભાઈ રહી છે. મળતી માહિતી મુજબ પ્રાંતિજના ભાખરીયા વિસ્તારમાં આ વર્ષો જુનો વડ આવેલો છે. દૂરના ગ્રામજનો પણ અહી આવી પુજા-અર્ચના કરે છે. વટ સાવિત્રિના વ્રતના દિવસે શહેર સહિત મોટી સંખ્યામાં બહેનો આ વડની પૂજા કરવા માટે આવે છે. વિશાળકાય વડની છાયામાં લોકો શાંતિથી ઉભા રહે છે. વડની અંદર ઘણા પક્ષીઓના માળા રહેલા છે. તળાવ કિનારે હોવાથી તેની સુંદરતા નીખરી ઉઠે છે. સરકારી તંત્ર દ્વારા વર્ષો જુના વિશાળકાય વડને સાચવીને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવે છે. તેમજ વૃક્ષ વાવોના નારા લગાવે છે. ત્યાં પ્રાંતિજ શહેરમાં ટાઉનહોલ બનાવવા માટે આ વર્ષો જુના વડને કાપી નાંખવાની વાતથી લોકો નારાજ થયા છે. તેમજ વડને આ જ પરિસ્થિતિમાં રાખીને ટાઉનહોલનું નિર્માણ કરવામાં આવે તો ટાઉનહોલની સુંદરતામાં પણ ચાર ચાંદ લાગી જાય તેમ વન્ય પ્રેમીઓનું કહેવું છે. વડ હટાવાની વાતથી વન્ય પ્રેમીઓ નારજ થયા છે. તો બીજી તરફ શહેરીજનોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. વધુમાં વડને બચાવવા માટે ઉગ્ર આંદોલનના મુડમાં પણ પ્રાંતિજવાસીઓ જણાય છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં ખુલ્લેઆમ મળતો દેશી દારૂ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તેમજ તાલુકામાં કેટલાક વિસ્તારોમાં ખુલ્લેઆમ દારૂ સિમેન્ટની ખાલી થેલીઓમાં ભરી પોટલીના સ્વરૂપમાં દારૂની થેલીઓ પેકીંગ કરીને વેચાણ ધૂમ ચાલે છે. પરંતુ પોલીસ કે પોલીસના ઉચ્ચ અધિકારીઓને દારૂ કે દારૂ વેચનારા શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ નજરે ચઢતા જ નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાં ભાખરીયા બસ સ્ટેન્ડ વિસ્તારમાં દેશી દારૂનો અડ્ડો કે જે અત્યારે દારૂના દુષણે માઝા મુકી છે અને રોજના ૧૦ થી ૧૨ સિમેન્ટની ખાલી થેલીઓમાં કોથળીના પાઉચ બનાવીને વેચાય છે અને લોકો દેશી

(તસવીર : સંજય રાવલ)

દારૂ પીવા માટે લાઈનોમાં પણ ઉભા રહેવું પડે તેવી સ્થિતિ સર્જાતા દૃશ્યો પણ જોવા મળે છે. પણ આ ઢસા ખાઉ પોલીસને જાણે પ્રાંતિજમાં દારૂનું નામ નિશાન પણ નથી એમ માનીને ચાલે છે. સ્થાનિક તથા જિલ્લા પોલિસ તંત્ર આ બદીને નાથવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે ત્યારે જનતા ફરીયાદ કોને કરે? સમાજના અગ્રણીઓમાં બદીથી યુવાધનને દુર રાખવા સ્વયંભુ આંદોલન ઉપાડે તે આવશ્યક બન્યું છે.

મહેસાણાના વેપારી પાસે એક માસ અગાઉ રૂ. ૨૫ લાખની ખંડણી માંગનાર ત્રણ શખ્સો ઝડપાયા

ઊંઝા, તા. ૩૦

લગભગ એક માસ પૂર્વે ઊંઝા નજીકના ઐઠોર ગામે ઈંટોનો ભઠ્ઠો ધરાવતા મહેસાણાના વેપારીનું કારમાં અપહરણ કરી રૂપિયા ૨૫ લાખની ખંડણી માંગવાના ગુનામાં સંડોવાયેલ મનાતા શખ્સોપૈકી પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા. ૩૧મી મે ના રોજ ઐઠોર ગામે ઈંટોનો ભઠ્ઠો ધરાવતા મહેસાણાના વેપારી રાજુભાઈ ઈશ્વરભાઈ ઓઝા સાંજના સુમારે તેમની ગાડીમાં મહેસાણા જઈ રહ્યા હતા. તે દરમિયાન માર્ગમાં એક ગાડીમાં આવેલા છ જેટલા ઈસમોએ વેપારીની ગાડીને અટકાવી હતી અને બળજબરીપૂર્વક તેમનું કારમાં અપહરણ કર્યુંહતુંઅને રૂપિયા ૨૫ લાખની ખંડણી માંગી હતી. ખંડણી આપવામાં અસમર્થ રાજુભાઈને માર મારી તેમની પાસેથી અપહરણકારોએ સોનાનો દોરો, વીંટી અને રોકડ સોળ હજારની લુંટ કરી હતી. ત્યારબાદ અપહરણકારો ધીણોજ પાસે તેમને ઉતારીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ઊંઝા પોલીસે અપહરણ, ખંડણી અને લુંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જે અંગે પી.એસ.આઈ. દેસાઈ, પો.કો. શૈલેશજી, જશવંતજી, ભરતજી, રાજેન્દ્રજીએ ગુનામાં સંડોવાયેલ મનાતા ઈસમો પૈકી ચેતન પ્રમોદભાઈ દરજી, રહે. ઊંઝા, ઝાફરહુસેન ગુલુભાઈ શેખ તથા ઈલિયાસમીયા બસીરમીયા સૈયદ (બંને રહે. ઉનાવા)ની ધરપકડ કરી વધુ તપાસ ચલાવી રહ્યા છે. જ્યારે અન્ય બાકીના આરોપીઓ ઝડપાયા નથી.

માનસિક રીતે અશક્ત બાળકોને દયાની નહિ પ્રેમ અને હૂંફની જરૂર છે : રમણભાઈ વોરા

સાબરકાંઠા, તા. ૩૦

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે હિંમતનગરમાં ૨ કરોડના ખર્ચે હિંમતનગરના મંદબુદ્ધિના બાળકોની નિવાસી સંસ્થા બનાવેલ. તે બિલ્ડીંગનું ઉદ્ઘાટન રાજ્યના સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી રમણભાઈ વોરા અને અન્ય મહાનુભાવોના હસ્તે રવિવારના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગેનેઅનુરૂપ રમણભાઈ વોરાએ જણાવ્યું હતું કે સમાજના ભિન્ન રીતે વ્યવહાર કરવામાં આવતા આ બાળકોને દયાની જરૂર નથી, પરંતુ પ્રેમ અને હૂંફની જરૂર છે. સમગ્ર રાજ્યમાં આવી સેવાભાવી સંસ્થા દ્વારા આવા બાળકોને હૂંફ આપવાનું કામ કરી રહી છે. મંત્રીએ તેમના શિક્ષકોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે આવા બાળકોને તેમની શક્તિઓને ઓળખી કૌશલ્ય વર્ધન આપી સમગ્ર દેશમાં નામ રોશન કર્યુંછે. જેમાંથી આ સંસ્થાના ૩ બાળકો ઓસ્ટ્રેલિયામાં જઈને પોતાનું કૌતુકનું પ્રદર્શન કરશે. મંત્રીએ વધુમાં રાજ્ય સરકારના ખેલ મહાકુંભના માધ્યમથી આવા મંદબુદ્ધિના બાળકોને વધુ પ્રોત્સાહિત કરશે અને વધુ સહયોગી બની રહેશે તેવી ખાત્રી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રફુલ્લભાઈ પટેલે જણાવ્યું હતું કે સાબરકાંઠા એ દાનવીર અને સેવાભાવીઓની ભુમિ છે. રાજેન્દ્રનગરની કુષ્ઠ સેવાયજ્ઞની સોડમ દેશ અને વિદેશમાં પથરાયેલી છે. તો બીજી તરફ સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજમાં ભિન્ન એવા બાળકોની સેવા કરવાનું અભિયાન આદર્યુ છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. નિવાસી સંસ્થાના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત સાબરકાંઠાના કલેક્ટર બંછાનિધિ પાનીએ રાજ્ય સરકાર દ્વારા મળતી તમામ સહાય આ સંસ્થાને મળી રહેશે તેવી ખાત્રી આપી હતી. મંદબુદ્ધિના બાળકોને આશિર્વચન આપતા સ્વામી વિવેકશીલે જણાવ્યું હતું કે મંદબુદ્ધિના બાળકોને સમાજ ઘર કે કોઈ કુટુંબ એને તરછોડે છે ત્યારે સમાજના આવા સેવાભાવી સંસ્થાઓ તેને અપનાવે છે અને બાળકોને યોગ્ય શિક્ષણ આપી ઉન્નત સમાજની હરોળમાં મુકે છે. આવી સંસ્થાઓ ખરેખર અભિનંદનને પાત્ર હોય છે. જે નિસ્વાર્થપણે સમાજનું સારૂ કરવાનું એક અવલ જગાવે છે. સંસ્થાએ આવા દેવના દિધેલા બાળકોને પોતીકા ગણી સેવાની સુગંધ પસરાવવી છે. આ પ્રસંગે સંસ્થાના નિર્માણ મદદરૂપ થવા દાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના ડૉ. મહેન્દ્ર સોની અને ડૉ. વી.એ. ગોપલાણી, નાનુભાઈએ સંસ્થાનો ચિતાર ઉપસ્થિત દાનવીરો સામે રજુ કર્યો હતો. આ કાર્યક્રમ એસ્ટ્રોન ગ્રુપના મેનેજીંગ ડિરેક્ટર હસમુખભાઈ ઠક્કર, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહાર, ગુજરાત કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ જસવંતભાઈ પટેલ સહિત એસ.ટી. નિગમના ડિરેક્ટર અને ભાજપ મહિલા મોરચાના પ્રદેશ ઉપપ્રમુખ કૌશલ્યા કુંવરબા પરમાર, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ સહિત સમાજના અગ્રણીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દાનની વર્ષા કરી હતી.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા લાયન્સ કલબના નવા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો

લાયન્સ કલબ ઓફ ડીસાના નવા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ તા.૩૦/૦૬/૨૦૧૩ ના રોજ સવારે લાયન્સ કોમ્યુનિટી સર્વિસ સેન્ટર અનેક મહાનુભાવોની હાજરીમાં યોજાયો. લાયન્સ કલબ ઓફ ડીસાના નવા પ્રમુખ લા. દયારામભાઈ આર.ઠક્કર, મંત્રી લા.કેતનભાઈ બી.ઝાલમોરા તથા ખજાનચી લા. પ્રભુભાઈ બી. રાઠોડ સહિત તેમની ટીમનો પદગ્રહણ સમારોહ યોજાયો. આ પ્રસંગે પદગ્રહણ વિધિ કર્તા તરીકે લા. ડો.પ્રવિણકાન્ત દવે (ભૂતપૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન્સ ડી.૩૨૩ બી.) મુખ્ય મહેમાન તરીકે રજનીભાઈ પટેલ (ગૃહમંત્રી(રાજ્ય કક્ષા) ગુજરાત રાજય) તેમજ અતિથિ વિશેષમાં તેજલબેન જે. પટેલ (પ્રમુખ, ડીસા નગરપાલિકા) તથા ઉમંગભાઈ ઠક્કર (પ્રમુખ, અખિલ ગુજરાત લોહાણા સમાજ) ઉપસ્થિત રહ્યા હતા. તેમજ લોહાણા સમાજ ના અગ્રણિઓ ઉપસ્થીત રહી નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.ત્યારબાદ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

ખેડબ્રહ્મા તાલુકામાં મનરેગા યોજનામાં કરોડોનું કૌભાંડ આચરાયું

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકામાં ચાલતા મનરેગાના કામોમાં સરકારી અધિકારીઓ અને ખાનગી પેઢીના કર્મચારીઓ દ્વારા રૂ. ૨.૨૭ કરોડની ગેરરીતિ આચરતા હોવાની વાત બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે હાલ શહેરમાં આ કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકા પંચાયત જાણે કૌભાંડોનું કેન્દ્રબિંદુ હોય તેમ એક પછી એક મોટા કૌભાંડો બહાર આવી રહ્યા છે. ખેડબ્રહ્મા તાલુકામાં ચાલતા મનરેગા યોજનાના કામોમાં સરકારી અધિકારીઓ અને ખાનગી પેઢીના કર્મચારીઓની મિલીભગતથી કૌભાંડ રચાયું છે. એગ્રોટેક કંપનીના કર્મચારીઓએ ખોટા વાઉચર બનાવી રૂ. ૨.૨૭ કરોડની ગેરરીતિ આચરતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. બનાવ અંગે તપાસ કરતા ૧૨ વ્યક્તિઓએ મનરેગાના કામોમાં કુલ ૪૭ વાઉચરો ચોક્કસ કામ માટે ગ્રામ પંચાયતની વિગતો આપ્યા વગર વિવિધ ગામે સાધન સામગ્રી ખરીદવાના આશયથી નાણાંની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. ખેડબ્રહ્મા શહેરમાં થોડા સમય પહેલા પણ કરોડો રૂપિયાની ઉચાપતનું કૌભાંડ બહાર આવ્યું હતું. જેની શાહી પણ હજુ સુકાઈ નથી ત્યાં બીજુ મોટુ કરોડોનું કૌભાંડ બહાર આવ્યું છે. ખેડબ્રહ્માના અંતરિયાળ વિસ્તારની ભોળી પ્રજાને છેતરી સરકારી અધિકારીઓને જાણે કરોડો રૂપિયાના કૌભાંડ કરવાની જગ્યા મળી હોય તેવું લાગી રહ્યું છે. આ યોજના જ્યારથી અમલમાં આવી ત્યારથી યોગ્ય ન્યાયિક તપાસ કરવામાં આવે તો ઘણુ કૌભાંડ અને કૌભાંડીઓ બહાર આવે તેમ લોકોનું કહેવું છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર હાઈવે વિસ્તારમાં રહેતા દશરથભાઈ યાદવની બંને પુત્રીઓ કેશરબેન દશરથભાઈ યાદવ (ઉ.વ.૨૦) અને પુનમ યાદવ હનુમાન ટેકરી વિસ્તારમાં રસ્તો ઓળંગીને આવતા હતા ત્યારે સામેથી પુર ઝડપે આવી રહેલ જીપડાલુએ ટક્કર મારતા કેશરબેન ક્યાંય ફંગોળાઈને નીચે પટકાતા તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે નાની બેન પુનમને ગંભીર ઈજાના કારણે તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ ખાતે લઈ જવાઈ હતી. બનાવ અંગે પશ્ચિમ પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. અર્થે સિવિલ મોકલી આપ્યો હતો. બનાવ અને અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અચાનક યુવતિના થયેલ મોતથી હાઈ-વે વિસ્તારમાં શોકની લાગણી પેલાઈ હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601